# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)

(Accredited with A+ Grade by NAAC)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)


વંચાણે લીધા: આરટીઓ/મહે/રોડ-સેફ્ટી/૨૦૨૬/૧૪૯૦, તા.૦૯/03/૨૦૨૬.

**અગત્યનું/ટોચ અગ્રતા**

## ::પરિપત્ર::

રસ્તા પર સુરક્ષા દરેક નાગરિકની જવાબદારી છે. રોજબરોજ વધતા ટ્રાફિકને કારણે અકસ્માતોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. તેથી દરેક નાગરિકોએ ટ્રાફિક નિયમોનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે. માર્ગ સલામતીએ વર્તમાન સમયની સૌથી મોટી સામાજિક જરૂરિયાતોમાની એક છે. માર્ગ અકસ્માતોના વિશ્લેષણ અનુસાર ભોગ બનનારાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. ટેકનીકલ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ રાષ્ટ્રની સંપતી છે અને તેની સુરક્ષા એ સૌની સંયુક્ત જવાબદારી છે.

આથી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ હસ્તકની તમામ સંલગ્ન કોલજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબની સૂચનાઓનું નૈતિક જવાબદારી તરીકે અમલીકરણ કરવા જણાવવામાં આવે છે. વધુમાં, રોડ સેફ્ટી અંગેના નિયમોથી વિદ્યાર્થીઓને જાગૃત/પ્રેરિત કરવા માટે સંસ્થાઓમાં આ અંગેના નિયમોની બહોળી પ્રસિદ્ધિ કરવાની રહેશે.

*સદર પરિપત્ર યુનિવર્સિટી હિતાર્થે જારી કરેલ છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.*

૧૮/૩/૨૬

**કુલસચિવ**

**જા.નં.જીટીયુ/સ્પોર્ટ્સ-કલ્ચરલ/રોડ સેફ્ટી/ ૧૬૯૦ /૨૦૨૬** **તા.૨૩/03/૨૦૨૬**

**<u>નકલ સવિનય રવાના:</u>**

૧) માન.કુલપતિશ્રીના અંગત/રહસ્ય સચિવશ્રી, જીટીયુ, અમદાવાદ

૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, જીટીયુ, અમદાવાદ

3) સભ્ય સચિવશ્રી, જીલ્લા રોડ સેફ્ટી કમિટી અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, મહેસાણા

**<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:</u>**

૧) આચાર્યશ્રી, જીટીયુ તમામ સંલગ્ન કોલેજો...જરૂરી કાર્યવાહી થવા સારૂ

૨) નિયામકશ્રી, તમામ પીજી સ્કુલ્સ, જીટીયુ કેમ્પસ, અમદાવાદ... જરૂરી કાર્યવાહી થવા સારૂ

3) વિભાગીય વડા, IT, સદર પરિપત્ર યુનિવર્સિટી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ

૪) પરિપત્ર ફાઈલ/સિલેક્ટ ફાઈલ

## પરિશિષ્ટ–અ

## રોડ સેફ્ટી અંગેની સૂચનાઓ

- **હેલ્મેટ અને સીટબેલ્ટનો આગ્રહ:** ટુ-વ્હીલર ચલાવતા તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે નિયત માપદંડવાળું હેલ્મેટ પહેરવું અને ફોર-વ્હીલરમાં સીટબેલ્ટનો ઉપયોગ કરવો ફરજિયાત બનાવવો.(સંસ્થાના ગેટ પર ઉક્ત બાબતનું પાલન થાય તેની તકેદારી રાખવી)

- **ડ્રાઈવિંગ લાયસન્સ:** લાયસન્સ વગર વાહન ચલાવવું એ ગુનો છે. સંસ્થામાં વાહન લઈને આવતા વિદ્યાર્થીઓ અને સ્ટાફ પાસે માન્ય ડ્રાઈવિંગ લાયસન્સ હોય તેની ખાતરી કરવી. (લાયસન્સ વગરના વિદ્યાર્થીઓ અને સ્ટાફના વાહન પર રોક લગાવવી.)

- **ઝડપ મર્યાદા અને મોબાઈલનો ત્યાગ:** વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ટાળવો અને નિયત ઝડપ મર્યાદામાં જ વાહન ચલાવવા માટે પ્રોત્સાહિત કરવા.

- **જાગૃતિ કાર્યક્રમો:** કોલેજ કેમ્પસમાં ટ્રાફિક નિયમો અને રોડ સેફ્ટીના સેમિનાર, પોસ્ટર મેકિંગ સ્પર્ધા અથવા ક્વિઝનું આયોજન કરવું.

- **વાહનના ઉપયોગ વખતે વાહન માટેના માન્ય દસ્તાવેજ:** જેમ કે, Insurance, PUC, RC BOOK હોય તેમજ કોલેજ દ્વારા BUS પૂરી પાડવામાં આવતી હોય તો BUS પાસે માન્ય પરમીટ, ટેક્ષ, ફીટનેશ Insurance, PUC, RC BOOK જરૂરી છે તેની જાણ સૌને કરવી.

- રાજ્ય સરકાર દ્વારા રોડ સેફ્ટી અંગેની વખતો વખત બહાર પાડવામાં આવતી અન્ય સૂચનાઓનું પાલન કરવું.

***